# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-10-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## મંત્રી મંડળની શપથવિધિ

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આજે રાજ્યના નવા મંત્રીમંડળના સભ્યોનો શપથ સમારોહ યોજાયો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે મંત્રી પરિષદમાં આજે એક નાયબ મુખ્યમંત્રી, પાંચ કૅબિનેટ મંત્રી, ત્રણ સ્વતંત્ર હવાલા ધરાવતા રાજ્યમંત્રી અને 12 રાજ્યમંત્રી એમ કુલ 21 મંત્રીને શપથ લેવડાવ્યા. આ પ્રસંગે હર્ષ સંઘવીએ રાજ્યના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

જીતેન્દ્ર વાઘાણી, નરેશ પટેલ, અર્જુન મોઢવાડીયા, ડૉ. પ્રદ્યુમ્ન વાજા અને રમણ સોલંકીએ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા.

જ્યારે ઈશ્વરસિંહ પટેલ, પ્રફુલ્લ પાનસેરીયા અને મનિષા વકીલે સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્યકક્ષાના મંત્રી તરીકે શપથ લીધા હતા.

જ્યારે રાજ્યકક્ષાના મંત્રી તરીકે કાંતિલાલ અમૃતિયા, રમેશ કટારા, દર્શના વાઘેલા, કૌશીક વેકરીયા, પ્રવિણકુમાર માળી, ડૉ. જયરામ ગામીત, કમલેશ પટેલ, ત્રિકમભાઇ છાંગા, સંજયસિંહ મહિડા, પી.સી. બરંડા, સ્વરૂપજી ઠાકોર અને રિવાબા જાડેજાએ રાજ્યકક્ષાના મંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળના કેબિનેટ મંત્રીઓ કનુભાઈ દેસાઈ, ઋષિકેશ પટેલ, કુંવરજી બાવળીયા તથા રાજ્યકક્ષાના મંત્રી પરષોત્તમભાઈ સોલંકીને આ નવા મંત્રીમંડળમાં યથાવત રાખવામાં આવ્યાં છે.

શપથવિધિ સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા ઉપસ્થિત રહ્યા હતા.

---

## કચ્છનો મંત્રી મંડળમાં સ્થાન

અંજારના ધારાસભ્ય ત્રિકમ છાંગાનો મંત્રીમંડળમાં સમાવેશ થતાં તેમના વતન રતનાલ ગામે ફટાકડા ફોડી એક બીજાનું મો મીઠું કરી વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. મંત્રી પદમાં સમાવેશ થવાના પગલે રતનાલ સ્થિત ત્રિકમભાઈના ઘરે પરિજનોમાં આનંદ જોવા મળ્યો હતો.

અંજારના ધારાસભ્ય ત્રિકમ છાંગા વર્ષોથી જાહેરજીવનમાં લોકસેવામાં અગ્રેસર રહ્યા છે. શ્રી છાંગાએ બીએડ સુધીનો અભ્યાસ કર્યા બાદ ભુજની હાઇસ્કૂલમાં શિક્ષક તરીકે સેવા આપી હતી.

શ્રી છાંગા 2022ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં અંજાર મતવિસ્તારથી ભાજપના ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. આ પહેલા તેઓ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. નવા મંત્રીમંડળમાં કચ્છને સ્થાન મળતા જિલ્લામાં આનંદની લાગણી છવાઇ છે.

---

## ગાંધીધામમાં સ્વદેશી મેળો

ગાંધીધામ મહાનગરપાલિકા અને દીનદયાળ પોર્ટ ઓથોરિટી દ્વારા આયોજિત સ્વદેશી મેળાની સાત દિવસમાં લગભગ 15 હજારથી વધુ લોકોએ મુલાકાત લીધી છે. આ મેળામાં 55 જેટલા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. દરરોજ સેંકડો લોકો દ્વારા આ સ્વદેશી મેળાની મુલાકાત લેવામાં આવે છે અને હજારો રૂપિયાનો સ્વદેશી સામાનની ખરીદી કરવામાં આવે છે. સ્વદેશી મેળામાં રાત્રિના સમયે સ્થાનિક કલાકારો દ્વારા દરરોજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવે છે. આ મેળો આગામી છ દિવસ સુધી ચાલુ રહેશે તેવું એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---

## GST ઘટાડાના લાભાર્થી

વસ્તુ અને સેવા કર **GST** દરમાં સુધારાથી ગ્રાહકો અને વેપારીઓ બંનેને રાહત મળી છે. ભુજના રહેવાસી મનોજભાઇ મારવાડાએ કહ્યું કે વાહન પર જીએસટીના દરોમાં ઘટાડો થવાથી હવે સામાન્ય વર્ગને બાઇક જેવા વાહન લેવા સરળ બન્યા છે. તેમણે સરકારના જીએસટી ઘટાડાના નિર્ણયને આવકારી આભાર માન્યો હતો.

( બાઇટ : મનોજ મારવાડા)

---

## ગ્રામ પંચાયત ભવન માટે ગ્રાન્ટ મંજૂર

ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા રાપર તાલુકાનાં **33** અને ભચાઉ તાલુકાનાં **10** ગામમાં રૂપિયા **11** કરોડ **24** લાખના ખર્ચે નવાં ગ્રામ પંચાયત ભવનનાં નિર્માણ માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી . રાપર તાલુકાનાં **33** ગામ પૈકીનાં સઈ, બેલા, માખેલ, અમરાપર, કુંભારિયા, મોડા, મોમાયમોરા, ટીંડલવા, વ્રજવાણી, સાંય, પદમપર, કાનપર, ધાડધ્રો, ગવરીપર, ટગા, ચિત્રોડ, વરણુ, રામવાવ, વિજાપર, માંજુવાસ, જાટાવાડા, બાલાસર, નાંદા, ઘાણીથર, ડાવરી, ધબડા, ગાગોદર, ખીરઈ અને ખાનપરને અને ભચાઉ તાલુકાનાં તોરણિયા, જંગી, ભરુડિયા, ગણેશપર, સૂરજબારી, નારાણસરી, કલ્યાણપર, અમરાપર અને જનાણને **25** લાખ રૂપિયા અને આડેસર, ગેડી, પલાંસવા, ફતેહગઢ તથા ભચાઉ તાલુકાના ચોબારીને **34.83** લાખ રૂપિયા નવાં ગ્રામ પંચાયત ભવનનાં નિર્માણ માટે ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી દેવામાં આવી છે.

---